# ગાંધીનગરમાં ઠંડીનું મોજુ

## લઘુત્તમ તાપમાન એક-દોઢ ડિગ્રી જેટલુ ઘટતા શહેરીજનોએ ઠંડી અનુભવી : દિવસે પણ પારો ગગડ્યો



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૨૬

ઠંડી હવે ખરા અર્થમાં શરૂ થઈ ગઈ હોય તેમ લાગી રહ્યું છે. ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન છેલ્લા બે દિવસથી ૧૫ ડિગ્રીની આસપાસ રહ્યુ હતુ તેમાં ગત રાત્રે એક ડીગ્રી જેટલો ઘટાડો થતા શહેરીજનોએ ઘરમાં પુરાઈ રહેવાનું પસંદ કર્યું હતું.

નવેમ્બર માસના અંતિમ ભાગમાં ગાંધીનગરમાં ઠંડી વધી છે. છેલ્લા કેટલાક દિવસોથી ગાંધીનગરમાં ઠંડીમાં ધીમો વધારો નોંધાઈ રહ્યો છે. ધીમા પગલે ઠંડી વધી રહી છે. રાત્રે અને વહેલી સવારે સારી એવી ઠંડક અનુભવાય છે. ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડે છે. વહેલી સવારે વિદ્યાર્થીઓ સ્વેટરમાં સજ્જ થઈને શાળાએ જતાં નજરે પડે છે. સાંજે વાતાવરણમાં ઠંડક વધતા ઘરના બારી-બારણા બંધ કરી દેવા પડે છે. ઠંડીનું આગમન થતા નવા અને સેકન્ડ હેન્ડ ગરમ વસ્ત્રોનું વેચાણ વધ્યું છે. માર્ગોની આસપાસ ગરમ વસ્ત્રો વેચતા ફેરીયાઓ નજરે પડે છે. ગતરાત્રે એક ડિગ્રી જેટલો પારો ઘટતા જનજીવન પર તેની અસર જોવા મળી હતી. લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૭૧ ટકા અને સાંજે ૩૯ ટકા રહ્યું હતું.

# કુપોષણમુક્ત જિલ્લો બનાવવા તંત્રનો આખરી જંગ

## જિલ્લાની તમામ આંગણવાડીમાં ધન્વંતરી પ્રોજેક્ટ અમલી બનાવવા માટે સામાન્ય સભામાં દરખાસ્ત રજુ થઈ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાંથી કુપોષણને કાયમી મિટાવવા માટે જિલ્લાની એક હજાર જેટલી આંગણવાડીમાં ધન્વંતરી પ્રોજક્ટ અમલમાં મુકવામાં આવશે.

દહેગામ ઘટક-૨ માં પ્રાયોગિક ધોરણે ગત વર્ષે અમલમાં મુકાયેલ પ્રોજેક્ટના સારા પરિણામો મળતાં હવે આખા જિલ્લામાં આ અમલી બનાવવા માટે આગળ વધવાનો નિર્ણય લેવાયો છે. આ માટે એક દરખાસ્ત આગામી સામાન્ય સભામાં પણ મંજૂરી માટે રજુ કરવામાં આવનાર છે.

આ પ્રોજેક્ટ્સના મળેલા સારા પરિણામોની રાજ્યકક્ષાએ પણ સરાહના થવા પામી હતી. પાયલોટ પ્રોજેક્ટ પાછળ રૂ. ૨.૫૦ લાખનો ખર્ચ થયો હતો. હવે તંત્રએ આખા જિલ્લામાં આ પ્રોજેક્ટ અમલી બનાવવાની વ્યુહરચના બનાવી છે.

૨૧ થી પણ વધુ આયુર્વેદ ઔષધમાંથી તૈયાર થયેલા બિસ્કીટનું વિતરણ બાળકોને ઉંમરના પ્રમાણમાં કરાશે એટલુ જ નહિ બાળકોનું હેલ્થ મોનીટરીંગ પણ દર સપ્તાહને અંતે કરવાની જોગવાઈ આ પ્રોજેક્ટમાં છે.

કુપોષણ મુક્ત જિલ્લો બનાવવાનો ગોલ્ડન ગોલ જિલ્લા પંચાયત પ્રમુખ હીના પટેલ અને તંત્રએ કરેલો છે અને હવે માર્ચ-૨૦૧૫ સુધીમાં અસરકારક પરિણામ માટે જિલ્લાકક્ષાએ આ પ્રોજેક્ટ અમલી બનાવાશે.

● અનુસંધાન પાન-૭ પર





બાકડા હટાવ ઝુંબેશ : ગાંધીનગર શહેરમાં પાલિકા દ્વારા અને કોર્પોરેટરની ગ્રાન્ટમાંથી વિવિધ સ્થાનો પર બાંકડા મુકવામાં આવ્યા હતા. નગરમાં મુકાયેલા બાંકડા સમયની સાથે સાથે તૂટવા પણ માંડ્યા હતા. શહેરમાં વિવિધ સ્થાનોએથી આવા તૂટેલા બાંકડા હટાવવાની કામગીરી હાલ પૂરજોશમાં ચાલી રહી છે... પ્રથમ તબક્કામાં મુખ્ય રસ્તાઓ પરથી બાંકડા હટાવાશે, ત્યારબાદ સેક્ટરોના આંતરિક માર્ગો પરથી હટાવવાની ઝુંબેશ કાર્યરત રહેશે. (તસવીર : કશ્યપ નિમાવત)

# જિલ્લા શિક્ષણતંત્રની ચિંતન શિબિર

## ૩જી ડિસેમ્બરના રોજ યોજાનાર ચિંતન શિબિરમાં નવી શૈક્ષણિક પધ્ધતિઓ, શાળા વ્યવસ્થાપન સમિતિના સુદૃઢીકરણ તેમજ ડ્રોપ આઉટ રેસિયા સહિતના મુદ્દાઓ ચર્ચાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના શિક્ષણ તંત્ર દ્વારા ગુણાત્મક સુધાર અને સ્વચ્છ શાળા સ્વસ્થ શાળા બનાવવાના હેતુસર એક ચિંતન શિબિર આગામી ૩જી ડિસેમ્બરના રોજ દહેગામ ખાતે યોજવામાં આવી છે.

ગુણોત્સવની કામગીરી સંપન્ન થયા બાદ તુરત જ યોજવામાં આવી રહેલી ચિંતન શિબિરને લઈ તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આ ચિંતન શિબિરમાં બી.આર.સી. કોર્ડિનેટર, સી.આર.સી. કોર્ડિનેટર, બ્લોક રિસોર્સ પર્સન, કેળવણી નિરીક્ષકો, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ તેમજ સર્વ શિક્ષા અભિયાનના પ્રોજેકટસ ઓફિસર્સ અને સ્ટાફને નિમંત્રણ આપવામાં આવનાર છે.

ગતિશીલ ગુજરાત અન્વયે ઉત્કૃષ્ટ કામગીરીના હેતુસર આ ચિંતન શિબિરનું આયોજન કરાયું છે. જેથી છ થી વધુ ગૃપો બનાવી જિલ્લામાં શૈક્ષણિક ક્ષેત્રે ગુણાત્મક સુધારની આખી રૂપરેખા તૈયાર કરવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ચિંતન શિબિરમાં સ્વચ્છ શાળા સ્વસ્થ શાળા નામાંકન અને સ્થાયીકરણ, સામાજિક-આર્થિક અને લૈંગિક સમાનતા, જેન્ડર એજયુકેશન, શાળા વ્યવસ્થાપન સમિતિના સુદૃઢીકરણ, શિક્ષણમાં ગુણવત્તા, કોમ્પ્યુટર અને આધુનિક ટેકનોલોજીનો વર્ગખંડ શિક્ષણમાં ઉપયોગ સહિતના વિષયો પર ચર્ચા વિચારણા કરી અને આખી રૂપરેખા તૈયાર કરવામાં આવશે.

આ ચિંતન શિબિરમાં તજજ્ઞોને પણ વિશેષ નિમંત્રિત કરી તેમની ઉપસ્થિતિમાં ચર્ચાઓ કરાશે. આ શિબિરમાં જિલ્લા પંચાયત પ્રમુખ, શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા કલેકટરશ્રી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

# સ્વર્ણિમ પાર્કમાં બાળકો માટે રમત-ગમતના સાધનો મુકાશે

## એક્સરસાઈઝ પ્લાઝામાં હળવી કસરતના સાધનો પણ જોવા મળશે

ગાંધીનગર, તા. ૨૬

શહેરના હાર્દસમા વિસ્તારમાં આકાર લેતા સ્વર્ણિમ પાર્કને નિખારવા અનેક આકર્ષણો ઉભા કરવામાં આવશે. સ્વર્ણિમ પાર્કમાં બાળકો માટે રમતગમતના અવનવા સાધનો મુકાશે. આ ઉપરાંત હળવી કસરતના સાધનો પણ પાર્કમાં મુકવામાં આવશે.

સ્વર્ણિમ પાર્કને નિખારવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ગ-૪ થી ચ-૪ વચ્ચેના વિસ્તારમાં કામગીરી પૂર્ણ થયા બાદ હાલ ઘ-૪ થી ચ-૪ વચ્ચે પાર્કની કામગીરી પૂર્ણતાના આરે છે. આગામી વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ ડિસેમ્બરમાં સ્વર્ણિમ પાર્કનું કામ પૂર્ણ કરી દેવાશે. બીજા તબક્કામાં ઘ-૪ થી ચ-૪ વચ્ચેના વિસ્તારમાં એન્ટ્રન્સ પ્લાઝા ઉપરાંત ચિલ્ડ્રન પ્લાઝા સહીત ગાર્ડન, વોટરબોડી સહીતના આકર્ષણો ઉભા કરવામાં આવ્યા છે. સ્વર્ણિમ પાર્કમાં હરિયાળી લોન વચ્ચે અવનવા પ્લાન્ટેશનનું કામ પણ પૂર્ણ કરી દેવાયું છે. જ્યારે હવે ફેઈઝ-૧ ની માફક બીજી તરફ પણ કસરતના સાધનો મુકવામાં આવશે. આ ઉપરાંત સહેલાણીઓને ધ્યાને લઈ બાળકો માટે અવનવા રમત-ગમતના સાધનો મુકવામાં આવશે. આગામી બે સપ્તાહમાં આ કામગીરી પૂર્ણ કરી દેવાશે. સ્વર્ણિમ પાર્કની સઘળી કામગીરી આગામી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે પૂર્ણ કરી દેવા તિવ્ર ગતિએ કામ હાથ ધરવામાં આવ્યું છે.

# બોર્ડ નિગમોમાં કોળી સમાજને પ્રતિનિધિત્વ આપવા રજુઆત કરાશે

ગાંધીનગર, તા. ૨૬

સરકારમાં કોળી સમાજને પુરતું પ્રતિનિધિત્વ આપવા માટે મુખ્યમંત્રી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષને રજુઆત કરવાનો નિર્ણય આજે કોળી સમાજના આગેવાનોની મળેલી કોર કમીટીની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હોવાનું ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ જણાવ્યું હતું.

સરકારમાં અને સંગઠનમાં કોળી સમાજને પુરતું પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું ન હોવાની લાગણી વ્યકત કરીને સરકાર અને સંગઠન સામે પુરુષોત્તમ સોલંકીના ભાઈ અને રાજુલાના ધારાસભ્ય હિરાભાઈ સોલંકીએ નારાજગી વ્યકત કરી હતી.

નારાજ ધારાસભ્ય હિરાભાઈ સોલંકીએ સરકાર અને સંગઠન સામે બાંયો ચડાવી છે અને કોળી સમાજને સરકારમાં પુરતું પ્રતિનિધિત્વ આપવા માટે જંગ છેડયો છે. જેના ભાગરૂપે આજે ગાંધીનગર ખાતે ધારાસભ્ય હિરાભાઈ સોલંકીની આગેવાનીમાં કોળી સમાજના આગેવાનોની કોર કમીટીની બેઠક મળી હતી.

કોર કમીટીની બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં ધારાસભ્ય હિરાભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે કોળી સમાજને પૂરતું પ્રતિનિધિત્વ આપવા માટે પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુને

● અનુસંધાન પાન-૭ પર



ગાંધીનગર એસ.ટી. બસ સ્ટેન્ડમાં કાયમ વાહન પાર્કિંગ માટેનો પ્રશ્ન હંમેશા શિરદર્દ રહ્યો છે. પે-પાર્કિંગની વ્યવસ્થા ઉભી તો કરાઈ છે, પરંતુ તે નિયમો અમલ કરવો તે પણ અગત્યનું છે. ઘણા બાઈકસવારોનો એસ.ટી. ડેપો પ્રિમાઈસમાં પાર્કિંગ કરવામાં પોતાની શાન સમજે છે. બસોના અડોઅડ પાર્ક કરવામાં આવતા વાહનોને કારણે કોઈ મોટો અકસ્માત થશે ત્યારે ઘણું મોડુ થઈ ગયું હશે જરૂર છે સમજણની ફક્ત ભણતરની નહી. (તસવીર : કશ્યપ નિમાવત)

# માર્ગ સુધારણાના કામો બાદ વૃક્ષોના ટ્રીમીંગનું કામ હાથ ધરાશે

## વન વિભાગની ફેન્સીંગની જગ્યામાં પણ સફાઈના નામે મીંડુ

ગાંધીનગર, તા. ૨૬

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરમાં માર્ગ નવીનીકરણ, સફાઈ તેમજ બ્યુટીફીકેશનના કામો હાથ ધરવામાં આવ્યા છે. જયારે માર્ગ સુધારણાની કામગીરી આગામી ૧૦ ડીસેમ્બર સુધીમાં પૂર્ણ કરી દેવાયા બાદ વન વિભાગ દ્વારા માર્ગોની આસપાસના વૃક્ષોનું ટ્રીમીંગ કરવામાં આવશે.

આગામી જાન્યુઆરી મહીનામાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરને રળિયામણું બનાવવા તંત્ર કામે લાગ્યું છે. જેમાં માર્ગ સુધારણા, દબાણ, સફાઈ ઉપરાંત રંગરોગાન સહીત જરુરી બ્યુટીફીકેશનના કામો હાથ ધરવામાં આવ્યા છે. એક બાજુ વિવિધ વિભાગો દ્વારા નગરને વાઈબ્રન્ટ લુક આપવા સંયુકત કામગીરી શરુ કરી દેવાઈ છે. ત્યારે વનવિભાગનું તંત્ર હજુ હરકતમાં આવ્યું નથી. શહેરના સેકટરોમાં માર્ગો આસપાસ વૃક્ષોની નમી પડેલી ડાળીઓ લાઈટીંગ પોલ્સ માટે પણ આડશ બને છે જેના લીધે નગરના આંતરિક માર્ગો પર અજવાળુ પથરાતું નથી જયારે મુખ્ય માર્ગો ઉપર પણ દીશાસૂચક બોર્ડ ઢંકાઈ ગયા છે. મુખ્યમાર્ગો આસપાસ વન વિભાગની ફેન્સીંગની જગ્યામાં ગંદકીના ઢગ ખડકાયા છે. શહેરમાં વાઈબ્રન્ટને અનુલક્ષી માર્ગ સુધારણાના જરુરી કામો આગામી ૧૦ ડીસેમ્બર સુધીમાં પૂર્ણ કરી દેવાશે ત્યારબાદ વન વિભાગનું તંત્ર વૃક્ષોના ટ્રીમીંગ માટે હરકતમાં આવશે. જો કે વૃક્ષોના જરુરી ટ્રીમીંગની અનિવાર્યતા લાંબા સમયથી હોવા છતા વાઈબ્રન્ટની વાટે કોઈ ગતિવિધિ હાથ ધરાતી ન હોવાનો સૂર ઉઠવા પામ્યો છે.

### સેન્ટ્રલ વર્જમાં લચી પડેલી ડાળીઓથી રોડ સેફટી જોખમમાં

શહેરના મુખ્યમાર્ગો અને આંતરિક માર્ગો પર લચી પડેલી વૃક્ષની ડાળીઓ નડતરરૂપ બની છે જયારે નગરના વિવિધ માર્ગોના સેન્ટ્રલ વર્જમાં પણ રોપાઓનું કદ વધી જતા આસપાસ ફેલાયેલી ડાળખીઓના લીધે વાહનચાલકોને વિઝન મળતું નથી. આવા સંજોગોમાં અનેકવાર નાના મોટા અકસ્માતો થાય છે. માર્ગ સલામતીની દૃષ્ટિએ જોખમી સ્થિતિ સર્જાઈ છે. આમ છતાં સેન્ટ્રલવર્જમાં વધી ગયેલી ડાળીઓનું ટ્રીમીંગ થતું નથી. માર્ગ ઓળંગતી વખતે પણ સામેથી આવતા વાહનોનો ખ્યાલ ન રહેતા અકસ્માત સર્જાય તેવી સ્થિતિ છે. વનવિભાગ દ્વારા તાત્કાલિક સેન્ટ્રલ વર્જમાં ટ્રીમીંગ હાથ ધરવા નાગરિકોએ માંગ કરી છે.

# ગંદકી અને દબાણની વિગતો સીધી કલેક્ટરને વૉટ્સએપ કરી શકાશે

## આસપાસની ગંદકીના ફોટા પાડી કલેક્ટરશ્રી રવિશંકરના મોબાઈલ નંબર : ૦૭૫૭૪૮૦૧૬૮૭ પર વૉટ્સએપ કરો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરને સ્વચ્છ નગર બનાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર કટિબધ્ધ છે. શહેરમાં સ્વચ્છતા અભિયાનની ઝુંબેશને વધુ સક્રિય બનાવવા અને લોક જાગૃતિ કેળવવાના ઉમદા આશયથી કલેકટર શ્રી રવિશંકરે આધુનિક અને સરળ બની શકે તેવા સંદેશા વ્યવહારના માધ્યમ વોટ્સઅપનો ઉપયોગ કરવાનો આરંભ કર્યો છે.

ગાંધીનગર શહેરમાં રહીશો પોતાની આસપાસની ગંદકી અંગેની ફરિયાદ કરવા માટે કલેકટર કચેરી, મહાનગરપાલિકા કે અન્ય સંબંધિત કચેરીમાં ન જવું પડે તે માટે રહીશે તે જગ્યાનો ફોટો અને સ્થળનો ઉલ્લેખ કરીને કલેકટર શ્રી રવિશંકરના મોબાઈલ નંબર ૦૭૫૭૪૮૦૧૬૮૭ પર વોટસઅપ કરવાની સુવિધાનો આરંભ કર્યો છે. આ મોબાઈલ પર કોઈપણ રહીશ પોતાની લેખિત ફરિયાદ પણ ફોટો પાડીને વોટ્સઅપ પર મોકલી શકશે.

તે ઉપરાંત ગાંધીનગર શહેરી વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગતની ફરિયાદ નગરજનો લેખિતમાં કલેકટરશ્રી, જિલ્લા સેવા સદન, ગાંધીનગર ખાતે આપી શકશે. ફરિયાદ મળતા જ તરત જ આ દિશામાં કાર્યવાહી કરવામાં આવશે, તેમ પણ જિલ્લા કલેકટર શ્રી રવિશંકરે જણાવ્યું છે. તેમજ ગ્રામ્ય કક્ષાના સ્વચ્છતા અભિયાન અંતર્ગતની લેખિત ફરિયાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, ગાંધીનગર ખાતે આપવા પણ કલેકટરશ્રીએ જણાવ્યું છે.


શ્રધ્ધાંજલી

પ્રણામજી શ્રીજી સાહેબજી મહેરબાન પ્રણામજી




પરમ પૂજ્ય બ્રહ્મલીન ગોવિંદજી મહાત્મા


એજ લી.

ધ્રુવ ડી.પ્રણામી
દિનેશભાઈ એમ.પ્રણામી
દુર્ગેશભાઈ એમ.પ્રણામી
યોગેશભાઈ પ્રણામી(દાહોદ)
કાળુભાઈ પ્રણામી(ગોધરા)
અમૃતભાઈ ડી.પ્રણામી(મોડાસા)
જીતેન્દ્રભાઈ એમ.અમીન(મોડાસા)
જયેશ જે.અમીન(મોડાસા)
પ્રકાશભાઈ પ્રણામી(સુરભી ઈલેક્ટ્રીક)


# મધુર ડેરી દ્વારા રાષ્ટ્રીય દૂધ દિવસની ઉજવણી કરાઈ

## શ્વેત ક્રાંતિના પ્રણેતા સ્વ. ડૉ. કુરિયનના જન્મદિવસે મહિલા પશુપાલકોને માર્ગદર્શન-પ્રશિક્ષણ દ્વારા ઉજવણી : મહિલા પશુપાલકોની યોજનાઓના લાભાર્થીઓને રાહતનું વિતરણ કરાયું







(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ દ્વારા આજે શ્વેતક્રાંતિના પ્રણેતા સ્વ ડૉ. વર્ગીસ કુરિયનના જન્મદિને ઉજવાતો 'રાષ્ટ્રીય દૂધ દિવસ' ની ઉજવણી કરી હતી. સે-૧૭માં ટાઉનહોલ ખાતે ઉજવાયેલ આ દૂધ દિવસના કાર્યક્રમમાં વહેલી સવારથી ગાંધીનગર જિલ્લાના ગામે ગામથી મહિલા પશુપાલકો ઉમટી પડયા હતાં. આ કાર્યક્રમમાં કૃષિ અને પશુપાલન મંત્રી બાબુભાઈ બોખીરીયા દ્વારા રાજય સરકારની મહિલા પશુપાલકો માટેની યોજનાઓના લાભાર્થીઓને

● અનુસંધાન પાન-૭ પર


**National Productivity Council**

(Under Ministry of Commerce & Industry, Government of India)
E-5, GIDC, Electronics Estate, Sector-26,
Gandhinagar-382028. Off. Ph. : (079) 23287344

**TENDER**

National Productivity Council (NPC), Gandhinagar, invites fresh bids to make 6000 coloured booklets on the topic Material Flow Cost Accounting (MFCA). The relevant tender documents may be collected from NPC, Gandhinagar office between 10:30 am to 4:30 pm. Last date of obtaining quotation format : 3-12-2014. The filed in quotation need to be submitted in sealed envelope latest by 5-12-2014 before 17.00 hours.

**Head (RPMG)**



SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | TATA STEEL • PIPES • SHEETS | BENELAVE BATH FITTINGS | DR. FIXIT | VINAYAK 500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com